પોરબંદર જીલ્લાના મ્હે. એડીશનલ ડિસ્ટ્રીકટ અને સેશન્સ જજ સાહેબની કોર્ટમાં.

ફો.પ.અ.નં.૧૦૮/૨૦૨૬
(સેશન્સ કેસ નં. ૨૯/૨૦૧૮)

માલદે ગીગાભાઈ ઓડેદરા,
ઉ.વ.આ.૩૪, ધંધો : ખેતી,
રહે. પોરબંદર.
રહે. હાલ : જીલ્લા જેલ જામનગર. .....અરજદાર.

વિ રુ ધ્ધ

શ્રી સરકાર,
નોટીસ થ્રુ ડી.જી.પી. પોરબંદર.
પોરબંદર. .....સામાવાળા.

વિષય :– ટેમ્પરરી જામીન મળવા...
ગુન્હો :– ઈ.પી.કોડ ની કલમ ૩૦૨, ૩૪, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, તથા જી.પી. એકટની કલમ–૧૩૫ વિગેરે મુજબ....

અરજદાર તરફે વિ. વકીલ શ્રી એસ. ડી. જોશી.
સામાવાળા તરફે વિ. સરકારી વકીલ શ્રી એ. જે. લીલા.

–:: ઠ રા વ ::–

(૧) અરજદાર તરફે હાલની આ અરજી ક્રિ.પ્રો.કોડ ની કલમ ૪૩૯ ની જોગવાઈઓ અન્વયે ટેમ્પરરી એટલે કે, ૩૦ દિવસના જામીન ઉપર મુકત થવા માટે થઈને દાખલ કરેલી છે, જે વંચાણે લઈ લક્ષમાં લીધેલ છે.

(૨) અરજદારની અરજી અન્વયે નોટીસ સામાવાળા શ્રી સરકારને બજી જતાં સામાવાળા શ્રી સરકાર તરફે વિ. સરકારી વકીલશ્રી એ. જે. લીલા ઉપસ્થિત રહેલા છે અને તેઓએ અરજદારની અરજીનો વિરોધ કરતું પોલીસ અધિકારીશ્રીનું સોગંદનામુ આંક–૫ થી રજૂ રાખેલ છે જે વંચાણે લેવામાં આવેલ છે.

(૩) અરજદારએ પોતાની અરજીની હકીકતોનું પુનરાવર્તન કરી મુખ્યત્વે એવી દલીલો કરેલી છે કે, અરજદારને પીત્તાશયની અંદર પથરી થયેલ હોય અને તેઓ તેનું ઓપરેશન પ્રાયવેટ હોસ્પીટલમાં કરાવી તેની સારવાર કરાવવા માંગતા હોય તે માટે દિન–૩૦ ના ટેમ્પરરી જામીન ઉપર મુકત થવા રજુઆત કરેલ છે.

(૪) જયારે સામા પક્ષે વિ. સરકારી વકીલશ્રી એ. જે. લીલાએ, અરજદારની અરજીનો વિરોધ કરી જણાવેલ છે કે, અરજદાર સામે મનુષ્યવધ અંગેના ગુન્હાનો આક્ષેપ રહેલો છે. અરજદારે હાલના કામે તેઓએ જે કારણ દર્શાવી ટેમ્પરરી જામીન મુકત થવા રજૂઆત કરી છે તે સબંધે જોઈએ તો પીતાશયમાં પથરી થયેલ હોય તેની સારવાર કરાવવા માટે ટેમ્પરરી જામીનની માંગણી કરેલ છે પરંતુ આ કામે સદર ગુન્હા બાદ તેજ દિવસ અન્ય ઈ.પી.કો. કલમ–૩૦૨ ના ગુન્હામાં પણ હાલના આરોપી સંડોવાયેલા હોય આમ એક જ દિવસમાં મનુષ્યવધના બે ગુન્હા કરેલ હોવાનો આક્ષેપ છે અરજદારને જામીન મુકત કરવામાં આવશે તો તેઓ નાશી ભાગી જાય અગર

તો ફરિયાદપક્ષના સાક્ષી પુરાવાઓને તોડવા ફોડવા કે ફેરવવા તેમને લોભ લાલચ કે પ્રલોભન આપી શકે તેમ છે અને તે સંજોગોમાં તથા પોલીસ અધિકારીએ અરજદારની અરજી નામંજૂર કરવા સબંધે પોતાના સોગંદનામામાં દર્શાવેલા અન્ય કારણો વિગેરે તમામને લક્ષમાં લઈ અરજદારની અરજી કોઈ જ સંજોગોમાં મંજૂર થઈ શકે તેમ ન હોય તે નામંજૂર કરવા તેઓએ વિનંતી કરી છે.

(૫) આ કામે ઉભયપક્ષો તરફેની રજૂઆતો ધ્યાને લેતા અરજદારે તેમને પીતાશયમાં પથરી થયેલ હોય અને તેનું ઓપરેશન કરાવવા માટે તેમજ તેની પ્રાયવેટ દવાખાનામાં સારવાર કરાવવા માટે વચગાળાના જામીનની માંગણી કરેલ છે. પરંતુ આ કામે તપાસ કરનાર અધિકારીશ્રીનું સોગંદનામુ વંચાણે લેતા એ હકીકત જણાય આવે છે કે, હાલના અરજદાર સામે ઈ.પી.કો. કલમ–૩૦૨ મુજબના ગુન્હાનો આક્ષેપ છે તેમજ સદર ગુન્હા બાદ તેજ દિવસે અન્ય ઈ.પી.કો. કલમ–૩૦૨ ના ગુન્હામાં પણ હાલના આરોપી સંડોવાયેલા હોય આમ એક જ દિવસમાં મનુષ્યવધના બે ગુન્હા કરેલ હોવાનો આક્ષેપ છે તેમજ હાલના આરોપી સામે અગાઉ મારામારી અને મનુષ્યવધના ગુન્હા નોંધાયેલ છે, જેથી અરજદાર ગુન્હાહીત માનસ ધરાવતા હોવાનું જણાય આવે છે. આ કામના અન્ય સહ આરોપીને અગાઉ વચગાળાના જામીન મુકત કરવામાં આવેલ ત્યારથી તેઓ ફરાર છે. આમ જો અરજદાર/આરોપીને જામીન મુકત કરવામાં અવશે તો નાશી ભાગી જાય તેમજ તેઓ સાહેદોને ધાક ધમકી આપે તેવી પુરી

શકયતા નકારી શકાય તેમ નથી. આમ ઉપરોકત સંજોગોમાં અરજદારની માં ગણી મુજબ કોઈ જ સંજોગોમાં તેઓને ટેમ્પરરી જામીન ઉપર મુકત કરવા આ તબકકે યોગ્ય, વ્યાજબી અને ઉચિત જણાતું ન હોય, ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

–:: <u>હુ ક મ</u> ::–

અરજદાર માલદે ગીગા ઓડેદરાની હાલની આ ટેમ્પરરી જામીન અરજી આથી નામંજૂર યાને રદ કરવામાં આવે છે.

આ હુકમની જાણ જેલ ઓથોરીટી મારફતે આરોપીને કરવી.

હુકમ આજરોજ તા. ૧૭ મી માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તા.૧૭/૦૩/૨૦૨૬
સ્થળ : પોરબંદર.

(પી. એચ. શર્મા)
એડીશનલ સેસન્શ જજ,
પોરબંદર.
GJ00701

.....